# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૭ જુલાઈ, ૨૦૧૫ (મંગળવાર)

### 1) કેરળની શાળાઓમાં જિવામાત્ર પ્રત્યે અનુકંપા રાખવાના પાઠ ભણાવાશે. :–

- કેરળમાં 'સર્વ શિક્ષા અભિયાન' હેઠળ વિદ્યાર્થીઓને સમાજોપયોગી પશુ – પક્ષીઓ પ્રત્યે જિવદયા દાખવવાનું શીખવી સારા નાગરિક બનાવાશે.
- સહાનુભૂતિપૂર્ણ નાગરિક તૈયાર કરવા માટે 'પિપલ ફોર એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ (પેટા)' નામની સંસ્થાની મદદથી આ યોજના શરૂ કરાશે.
- ૮ થી ૧૨ વર્ષના છોકરાઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાશે.
- આ કાર્યક્રમને કેન્દ્રના પશુ કલ્યાણ મંત્રાલય દ્વારા પણ માન્યતા અપાઈ છે.
- 'પેટા' સંસ્થા અમેરિકાના માનવ શિક્ષણ કાર્યક્રમ 'શેર ધ વર્લ્ડ' કાર્યક્રમનો એક હિસ્સો છે.
- આગામી સમયમાં વિદ્યાર્થીઓને રોજ માનવ માટે ઉપકારી પ્રાણીઓ, તેઓ જે પર્યાવરણમાં વસે છે અને માનવજાત પ્રત્યે માનથી વર્તવાના પાઠ ભણાવાશે.

### 2) પીએમ મોદીની છ દેશોની વિદેશયાત્રા :–

- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી મધ્ય એશિયાના પાંચ દેશ ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન, કિર્ગીસ્તાન અને તઝાકિસ્તાન તથા રશિયા આ ૬ (છ) દેશોનો આઠ દિવસીય પ્રવાસ ખેડશે.
- આ પ્રવાસ અંતર્ગત તેઓ ૮ થી ૧૦ જુલાઈ દરમિયાન રશિયામાં BRICS અને SCO (શાંઘાઈ કો – ઓપરેશન ઓર્ગેનાઈઝેશન) શિખર સંમેલનોમાં ભાગ લેશે.
- BRICS ના સભ્ય દેશ :– બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના, સાઉથ આફ્રિકા
- ગત વર્ષે BRICS નું સંમેલન બ્રાઝિલમાં યોજાયું હતું
- SCO ના સભ્ય દેશ :– રશિયા, ચીન, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ઉઝબેકિસ્તાન અને તઝાકિસ્તાન
- આ વખતના સંમેલન બાદ ભારત અને પાકિસ્તાનને સંપૂર્ણ સભ્યપદ મળી શકે એવી સંભાવના છે.
- ૨૦૦૫ માં ભારતને આ ગૃતનો ઓબ્ઝર્વર નિયકુત કરાયો હતો.
- પીએમ. મોદીએ આ છ દેશોની યાત્રાનો પ્રારંભ ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદથી કર્યો હતો.
- તેમણે ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ ઈસ્લામ કારિમોવને મધ્યયુગના ખ્યાતનામ કવિ અમીર ખુશરો દ્વારા રચિત કાવ્યસંગ્રહ 'ખમ્સ – એ – ખુશરો' ભેટમાં આપ્યો હતો.
- ઉઝબેકિસ્તાન વડાપ્રધાન :– શૌકત મિરોમોનોવિચ મિર્ઝીયોએવ.
- આ પ્રસંગે પીએમ મોદી પહેલી ઉઝબેક – હિન્દી ડિકશનરીનું વિમોચન કર્યુ હતુ.
- આ પ્રવાસ વખતે ઉઝબેક હિન્દી સર્વિસને પણ ૫૦ (પચ્ચાસ) વર્ષ થયા છે.
- વડાપ્રધાને તાશ્કંદમાં લાલબહાદુર શાસ્ત્રીના સ્મારક પર શ્રધ્ધાંજલી આપી હતી.
- વર્ષ ૧૯૬૬ માં ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું અહી હૃદયરોગથી અવસાન થયું હતું.

### 3) ગ્રીસ કટોકટી :–

- યુરોપિયન યુનિયન અને આઈએમએફનું દેવું ચૂકવવા તેમના દ્વારા રાખવામાં આવેલી શરતોને સ્વિકારવી કે નહીં તે અંગે ગ્રીસમાં જનમત લેવામાં આવ્યો હતો.
- જનમતસંગ્રહમાં ૬૧% જનતાએ શરતો નહી સ્વિકારવાની તરફેણ અને ૩૯ % જનતાએ શરતો સ્વિકારવાની તરફેણ મતદાન કર્યુ હતું.
- જનમત બાદ ગ્રીસના નાણાપ્રધાન યાનીસ વરૂફાકિસે રાજીનામું આપ્યું હતું.

### 4) વિક્રમ પાટીલ :– તબલાવાદક

- વડોદરાના પ્રખ્યાત તબલાવાદક વિક્રમ પાટીલનું અવસાન.
- પ. વિક્રમ પાટીલની સિધ્ધિઓ :–
  – તેમણે દિલ્હી ખાતે પ. ઓમકારનાથ કોમ્પિટિશનમાં ઝાકીર હુસેનને હરાવીને પ્રથમ ઈનામ મેળવ્યું હતું.
  – વિશ્વ પ્રસિધ્ધ બેન્ડ બિટલ્સમાં તેઓએ ઈન્ડિયન મ્યુઝીક અને ફોરેન મ્યુઝિકનું ફયુઝન કર્યુ હતું જે ખુબ લોકપ્રીય બન્યુ હતું.
  – રૂદાલી ફિલ્મનું સુપરહીટ સોંગ 'યારા સીલી સીલી...' ની પણ તેમની રીધમ છે
  – ગરબામાં પણ માત્ર ઢોલ નહી પણ તબલા, ઢોલક, ખંજરી, મંજિરા જેવા વાજિંત્રોને ઉમેરીને ગરબામાં પ્રાણ પુર્યા હતા.

### 5) પ્રતાપસિંહ પાટીલ :–

- મહારાષ્ટ્રના પૂર્વ પ્રધાન પ્રતાપસિંહ પાટીલનું અવસાન.
- ૧૯૫૫માં જન્મેલા પાટીલ ૧૩મી લોકસભાના સભ્ય હતા.

### 6) વર્લ્ડ હોકી લીગ :–

- વિજેતા :– ઓસ્ટ્રેલિયા
- હરિફ :– બેલ્જિયમ યજમાન :– બેલ્જિયમ

Vivekanand Academy Gandhinagar

**7) મિતાલી રાજ :– ક્રિકેટ**

- તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજે વન – ડેમા ૫૦૦૦ રન પુરા કર્યા.
- આ સિધ્ધી તેણે ન્યૂઝિલેન્ડ સામેની મેચમાં ૮૧ રન કરી મેળવી હતી.
- અગાઉ વન – ડે ઈન્ટરનેશનલમાં ઈંગ્લેન્ડની ચાર્લેટ એડવર્ડસે પાંચ હજાર રન પુરા કર્યા હતા.
- મિતાલી રાજે ૧૯૯૯ માં કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેણે ૧૪૪ ઈનિંગ ૫૦૨૯ રન બનાવ્યા છે જેમાં પાંચ સદી અને ૩૭ અર્ધી સદીનો સમાવેશ થાય છે.
- મિતાલીએ પોતાની પ્રથમ મેચમાં જ ૧૧૪ રન બનાવ્યા હતા.
- તેમને ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૦૩માં અર્જૂન એવોર્ડ તથા વર્ષ ૨૦૧૫માં પદ્મશ્રી થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**8) ગ્રીન બિએર કલાસિક ગોલ્ફ ટૂર્નામેન્ટ :–**

- ન્યૂઝિલેન્ડના ગોલ્ફર ડેની લીએ આ ખિતાબ પોતાના નામે કર્યો.

**9) મહિલા ફૂટબોલ વર્લ્ડકપ :–**

- વિજેતા :– અમેરિકા
- હરીફ :– જાપાન
- વર્લ્ડકપની ફાઈનલમાં ગોલની હેટ્રીક નોંધાવનાર કાર્લી લોયડ મહિલા ફૂટબોલમાં પ્રથમ ખેલાડી બની ગઈ છે.
- લોયડને ટૂર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર કરી ગોલ્ડન બોલ એનાયત કરાયો હતો.

Vivekanand Academy, Gandhinagar